# ૨૨ કાંઠા ગામનો કલેક્ટર કચેરીએ ઘેરાવ



**ગણદેવી** કાંઠા વિસ્તારના ગ્રામજનોનો રોષ, પૂર આવ્યા પછી રાહત નહીં, પૂર પહેલાં કાયમી વ્યવસ્થા જોઈએ

નવસારીઃ ગણદેવીના કાંઠા વિસ્તારના ૨૨ ગામોમાં વિનાશક પૂરે સર્જેલી તારાજી બાદ ગ્રામજનોનો આક્રોશ હવે તંત્ર સુધી પહોંચ્યો છે. અંબિકા, કાવેરી અને ખરેરા નદીના ઘોડાપૂરથી અનેક ગામોમાં ૪થી ૯ ફૂટ સુધી પાણી ભરાતાં ઘરવખરી, ખેતી અને જનજીવનને ભારે નુકસાન થયું હોવાની રજૂઆત સાથે ગ્રામજનોએ પ્લે કાર્ડ લઈ કલેક્ટર કચેરીએ દેખાવો કર્યા હતા.

ગ્રામજનોના જણાવ્યા મુજબ પૂરનું પાણી ત્રણથી ચાર દિવસ સુધી ઓસર્યું નહોતું. પાણીના કુદરતી નિકાલમાં અવરોધરૂપ બનતા ઝીંગા તળાવો અને અન્ય માળખાં અંગે તપાસ કરી નિયમ મુજબ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. કૃષ્ણપુરથી ધોલાઈ સુધીના કોસ્ટલ હાઈવેને લઈને પણ ગ્રામજનોમાં ચિંતા છે. ગ્રામજનોનું કહેવું છે કે "પૂર આવ્યા પછી રાહત નહીં, પૂર પહેલાં કાયમી વ્યવસ્થા જોઈએ."

રજૂઆત બાદ જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણીએ ગેરકાયદેસર ઝીંગા તળાવો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. તંત્રના જણાવ્યા મુજબ આશરે ૧૪૬ ગેરકાયદેસર ઝીંગા તળાવોને નોટિસ આપવામાં આવી છે, જ્યારે અન્ય તળાવોનું પણ નવેસરથી સરવે કરાશે.

## 'પૂરનું પાણી ઊતરી ગયું, પણ લોકોના પ્રશ્નો નહીં!'

**જિલ્લા** પંચાયતની સભામાં વિપક્ષના આવાસથી ખેડૂતોના વળતર સુધી આકરા સવાલો

નવસારીઃ નવસારી જિલ્લા પંચાયતની સામાન્ય સભા એજન્ડાના કામોની મંજૂરી કરતાં વધુ વિપક્ષના આકરા સવાલો અને તંત્રની કામગીરી અંગેની ચર્ચાને લઈને ચર્ચામાં રહી હતી. જિલ્લા કોંગ્રેસના વિપક્ષ નેતા નિકુંજકુમાર ગાંવિતે તાજેતરના વિનાશક પૂર બાદની સ્થિતિને કેન્દ્રમાં રાખી સરકારી આવાસ, ખેતીનું નુકસાન, આરોગ્ય અને શિક્ષણ સહિતના મુદ્દે અધિકારીઓને સવાલોના ઘેરામાં લીધા હતા.

ચીખલી, વાંસદા, ખેરગામ, ગણદેવી, જલાલપોર અને નવસારી તાલુકાના કેટલાક વિસ્તારોમાં પૂરથી સરકારી આવાસોને નુકસાન થયાનો મુદ્દો ગાંવિતે ઉઠાવ્યો હતો. અસરગ્રસ્ત પરિવારોને ફરી આવાસ આપવાની માંગ સામે અગાઉ સરકારી યોજનાનો લાભ મળી ચૂક્યો હોય તો ફરી લાભ ન મળી શકે તેવો જવાબ મળ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. આ મુદ્દે તેમણે સવાલ કર્યો કે "આફતમાં ઘર જ ન રહ્યું હોય તો અસરગ્રસ્ત પરિવારને પુનર્વસન માટે સરકાર પાસે વિકલ્પ શું છે?" ખેડૂતોના નુકસાન અંગે પણ વિપક્ષે તંત્રને ઘેર્યું હતું. ખેતીવાડી વિભાગે ડિજિટલ સરવે હાથ ધરાયો હોવાનું જણાવ્યું હતું, પરંતુ વિપક્ષે દલીલ કરી કે સરવેમાં વિલંબ દરમિયાન અનેક ખેડૂતોએ નવા પાકનું વાવેતર કરી દીધું છે. હવે પૂરમાં થયેલા મૂળ નુકસાનનો ચોક્કસ આંકડો કેવી રીતે બહાર આવશે? અસરગ્રસ્ત ગામોમાં ગ્રામ પંચાયત મારફતે અરજીઓ મેળવી વળતર પ્રક્રિયા ઝડપી કરવાની માંગ પણ કરાઈ હતી. શિક્ષણ વિભાગ સામે ધોરણ-૬ના કેટલાક વિષયોના પાઠ્યપુસ્તકો સમયસર ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઉઠ્યો હતો. બીજી તરફ, પૂર જેવી પરિસ્થિતિ વચ્ચે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની સામૂહિક બદલીઓ અંગે પણ વિપક્ષે સ્પષ્ટતા માંગી હતી. સભામાં પ્રશ્નો અગાઉથી લેખિતમાં રજૂ કરવાની પદ્ધતિને લઈને પણ વિપક્ષે સવાલો કર્યા હતા. વિપક્ષના પ્રશ્નો અને ચર્ચાના કારણે સામાન્ય સભા લગભગ પોણા બે કલાક સુધી ચાલી હતી.



**મેઘરાજા વરસ્યા, તિરંગો લહેરાયોઃ નવસારીમાં દેશભક્તિનો અદભૂત નજારો**

નવસારીઃ ધોધમાર વરસાદ પણ નવસારીવાસીઓના દેશપ્રેમને રોકી ન શક્યો. 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ફુવારા સર્કલથી સર્કિટ હાઉસ સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા. આદિજાતિ મંત્રી, જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર, મેયર અશોક ધોરાજીયા સહિતના આગેવાનો, અધિકારીઓ, પોલીસ જવાનો અને NCC કેડેટ્સ તિરંગા સાથે યાત્રામાં જોડાયા હતા. ધોધમાર વરસાદમાં લોકો ભીંજાતા રહ્યા, પણ તિરંગો ગૌરવ સાથે લહેરાતો રહ્યો. દેશભક્તિના નારાઓથી નવસારીના રસ્તાઓ ગુંજી ઉઠ્યા અને સમગ્ર શહેર રાષ્ટ્રભાવનાના રંગે રંગાયું.

## બીલીમોરા પાલિકાનાં મેળા પાર્કિંગના ઈજારાની રકમ ભર્યા વિના ઉઘરાણાં!

**રકમ** પૂરી ભરાયા પહેલા વસૂલીથી પાલિકાના વહીવટ સામે સવાલો

બીલીમોરાઃ બીલીમોરા નગરપાલિકા દ્વારા સોમનાથના શ્રાવણના મેળા દરમિયાન પાંચ સ્થળે વાહન પાર્કિંગ માટે રૂ.૨૧.૮૭ લાખનો ઈજારો આપવામાં આવ્યો હતો. જોકે, મેળાનો પ્રારંભ થઈ ગયા બાદ પણ ઈજારદારે ટેન્ડરની સંપૂર્ણ રકમ પાલિકામાં જમા કરાવ્યા વિના પાર્કિંગ કરાવવાની કામગીરી શરૂ કરી વાહનચાલકો પાસેથી ઉઘરાણી શરૂ કરતાં સમગ્ર મામલે ચકચાર મચી છે.

નગરપાલિકા દ્વારા શ્રાવણ માસના સોમનાથ મેળા માટે પાલિકાની મિલકતોનો એક મહિના માટે વાહન પાર્કિંગ હેતુથી ઉપયોગ કરવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં રૂ.૨૧.૮૭ લાખની બોલી અલંકાર કાર ડેકોર નામની એજન્સીની મંજૂર થઈ હતી. ટેન્ડરની શરત મુજબ ૧૮ ટકા જીએસટી સહિત કુલ રૂ. ૨૫.૮૦ લાખની રકમ કામગીરી શરૂ કરતા પહેલાં પાલિકામાં જમા કરાવવાની હતી. પરંતુ ગુરુવારે શ્રાવણ મેળાનો પ્રારંભ થઈ ગયો હોવા છતાં એજન્સીએ સંપૂર્ણ રકમ જમા કરાવ્યા વિના પાલિકાની મિલકતોનો ઉપયોગ શરૂ કરી પાર્કિંગ માટે વાહનચાલકો પાસેથી નાણાંની ઉઘરાણી શરૂ કરી હતી. મામલો પાલિકાના ધ્યાન પર આવતાં એજન્સીને કામગીરી અટકાવવાની સૂચના આપવામાં આવી હોવાનું પાલિકા પ્રમુખ મનીષભાઈ પટેલે જણાવ્યું હતું.

બીજી તરફ, ઈજારાની રકમ ભરાઈ છે કે નહીં તે અંગે પાલિકાના અધિકારીઓ વચ્ચે પણ જવાબદારી ટાળવાનો પ્રયાસ જોવા મળ્યો હતો. એકાઉન્ટન્ટ પરમેશ ચૌધરીને પૂછતાં તેમણે આ બાબત સિટી એન્જિનિયરિંગ વિભાગના હસ્તક હોવાનું જણાવ્યું હતું. જ્યારે સિટી એન્જિનિયર સાગર રાદડિયાનો સંપર્ક કરતાં તેમણે હાલ અન્ય કામમાં વ્યસ્ત છું, અત્યારે વિગત આપી ન શકવાનું કહી આ અંગે તપાસ કર્યા બાદ જ માહિતી આપી શકાય તેમ જણાવ્યું હતું. પાલિકા પ્રમુખ મનીષ પટેલે જણાવ્યું હતું કે, એજન્સી દ્વારા હાલમાં આશરે સાડા ત્રણ લાખ રૂપિયા ભરવામાં આવ્યા છે અને બાકીની રકમ બીજા દિવસે ભરવાનો વાયદો કરવામાં આવ્યો છે. જો એજન્સી ટેન્ડરની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો નિયમ મુજબ બીજા ક્રમના ઈજારદારને તક આપવામાં આવશે.

## બંને હાથે દિવ્યાંગની જમીન તબદીલમાં સહી થઈ ગઈ!!!

**બલવાડામાં** આધાર કાર્ડની નકલમાં ખોટી સહી કરી ખેલ કરનાર ત્રણ સામે ગુનો

ઘેજઃ પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી સુમનભાઈ રવજીભાઈ પટેલ (રહે., બલવાડા નિશાળ ફળિયા, તા.ચીખલી, જિ.નવસારી)ની બલવાડા ગામે જમીન તેમના કુટુંબીજનો સાથે સંયુક્ત નામે ચાલી આવી હોય આ જરાયતવાળી જમીનની ૭-૧૨ની નકલ ફેબ્રુઆરી-૨૬ માં કઢાવતા તેમાં એક ફેરફાર નોંધ પડી હતી. તેમના દ્વારા કોઈ કાર્યવાહી ન કરી હોવા છતાં ફેરફાર નોંધ અંગે તેમણે તપાસ કરતાં આ જમીન મામલતદારના ૨૬/૧૨/૨૦૨૫ ના હુકમથી જરાયતમાંથી બાગાયતમાં તબદિલ થઈ હોવાનું બહાર આવ્યું હતું.

બાદમાં સુમનભાઈ દ્વારા આરટીઆઈના માધ્યમથી માહિતી માંગતા તેમાં તેમની સંમતિ વિના રજૂ કરેલ આધાર કાર્ડની નકલમાં સુમન આર. પટેલ તરીકે સહી કરેલી હતી. હકીકતમાં સુમનભાઈને ૧૫/૧૨/૧૯૯૦ ના રોજ વીજ કરંટ લાગતા બંને હાથો બળી ગયેલા હોય તેઓ બંને હાથથી સહી પણ કરી શકતા નથી અને અંગૂઠો પણ મારી શકે તેવી સ્થિતિમાં નથી. આમ તેઓ સહી કરવા કે અંગૂઠો મારવા પણ અસમર્થ હોવા છતાં તેમની ખોટી સહી કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી મામલતદાર કચેરીમાં રજૂ કરી જમીનનો પ્રકાર તબદિલ કરાવાયો હતો. આ અંગે ફરિયાદ મળતા પોલીસે સંજય બાવાભાઈ પટેલ, હિંમતભાઈ બાવાભાઈ પટેલ તથા વિનોદ સુખાભાઈ પટેલ (તમામ રહે. બલવાડા નિશાળ ફળિયા) સામે ગુનો વધુ તપાસ હાથ ધરી હતી.

## વાપીમાં ભર વરસાદમાં ૪ કિ.મી. લાંબી ભવ્ય તિરંગા યાત્રા નીકળી

**વાપીવાસીઓએ** તિરંગા યાત્રા પર ઠેર ઠેર પુષ્પવર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કર્યું



વાપીઃ રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપીમાં ચાર કિ.મી. લાંબી જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા ભર વરસાદમાં નીકળી હતી. આ તિરંગા યાત્રામાં ૨૫ સ્કૂલના ૩૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ નગરજનો મળી કુલ ૪૫૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા. વાપીવાસીઓએ તિરંગા યાત્રા પર ઠેર ઠેર પુષ્પવર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કરી ''ભારત માતા કી જય'', ''વંદે માતરમ'' અને ''જય હિંદ''ના ગગનભેદી નારા લગાવતા સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો.

આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આજે ભર વરસાદમાં પણ વાપીવાસીઓ અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત છે તે રાષ્ટ્ર પ્રત્યેનો તેમનો અદમ્ય પ્રેમના દર્શન કરાવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તિરંગાને સરકારી કચેરીઓ અને વિશિષ્ટ સ્થળો પરથી બહાર કાઢી સામાન્ય નાગરિક પણ તિરંગાને શાનથી લહેરાવી શકે તેવુ આયોજન કર્યુ છે જે બદલ આપણે વડાપ્રધાનનો આભાર માનીએ છીએ. વાપીમાં તિરંગા યાત્રાને સવારે ૯.૦૦ કલાકે વાપીના શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.



### આહવા 'મેરી શાન તિરંગા'ના ગીત સાથે ગૂંજી ઊઠ્યું

સાપુતારાઃ આહવા ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી ઉપસ્થિત મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરાવીને તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. હાથમાં તિરંગા સાથે 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાઓથી સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયો હતો. આ ભવ્ય તિરંગા યાત્રામાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીત, ઉપ પ્રમુખ ઉષાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, દક્ષિણ નાયબ વન સંરક્ષક નિરજ કુમાર, સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ, પોલીસ સ્ટાફ જોડાયા હતાં.

### દમણમાં હાથમાં તિરંગો લઈ પોલીસ કર્મીઓએ બાઈક રેલી કાઢી



દમણઃ દમણ પોલીસ હેડ ક્વોટર્સ ખાતેથી પ્રદેશના પોલીસ અધિક્ષક (એસ.પી.) કેતન બંસલ દ્વારા લીલી ઝંડી બતાવી બાઈક રેલીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. તિરંગા બાઈક રેલી પોલીસ હેડ ક્વોટર્સથી પ્રસ્થાન કરી મશાલ ચોક, બસ સ્ટેન્ડ સહિત મોટી દમણના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી. આયોજીત રેલી દરમિયાન પોલીસ કર્મચારીઓએ હાથમાં તિરંગો લહેરાવી દેશભક્તિના નારા સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર સ્થાનિક નાગરિકોએ પણ રેલીનું ઉષ્માભર્યું સ્વાગત કરી પોલીસ વિભાગની આ પહેલને બિરદાવી હતી.

## ફોરેસ્ટ કર્મીઓ પર હુમલા કેસમાં ૭ને બે વર્ષ-બે માસની સજા

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગ હસ્તકની ગલકુંડ રેંજનાં ફોરેસ્ટ ખાતાના સરકારી કર્મચારીઓની ફરજમાં રૂકાવટ કરી તેમના પર હુમલો કરી ઈજાઓ પહોંચાડવાના ગંભીર ગુનામાં આહવા જે.એમ.એફ.સી. કોર્ટે સાત આરોપીઓને બે વર્ષ અને બે માસની સખત કેદની સજા તથા પ્રત્યેકને રૂ.૧,૫૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

કીશનભાઈ ગણાપતભાઈ ઠાકરે, વિષ્ણુભાઈ ગણાપતભાઈ ઠાકરે, મધુભાઈ મનસ્યાભાઈ ઠાકરે, મનસ્યાભાઈ રમણભાઈ ગાવીત, સખારામ મનસ્યાભાઈ ઠાકરે, બુધ્યાભાઈ રામુભાઈ દામુભાઈ બરડે તથા બુધ્યાભાઈ સોમનભાઈ ઠાકરે ગલકુંડ રેન્જનાં કમ્પાટમેન્ટ નં.૨૨૬ અને ૨૨૯ માંથી તા. ૨૬/૦૬/૨૦૧૯ ના રોજ સાગી લાકડાં લઈને આવતા હોવાની બાતમી મળતા ગોપાળભાઈ મનુભાઈ ભોયે રોજમદારો સાથે આવી પહોંચતા આરોપીઓ સાગી લાકડા ફેંકીને નાસી ગયા હતા. જેથી ફોરેસ્ટ ટીમ આ લાકડાં ગલકુંડ રેન્જ તરફ લઈ જઈ રહ્યા હતા. તે સમયે ગોટાના ઇહિર નામની જગ્યાએ આરોપીઓએ કુહાડીના દંડા વડે હુમલો કરી મારી ઈજા પહોંચાડી હતી. આ અંગેનો કેસ આહવા જે.એમ.એફ.સી. કોર્ટમાં ચાલી જતા, આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વાય. પી. યાદવે સરકારી વકીલની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાને લઈ તમામ સાતેય આરોપીઓને દોષિત ઠેરવી બે વર્ષ અને બે માસની સજા તથા દરેકને રૂ. ૧,૫૦૦/- નો દંડ કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ સુરેશભાઈ એચ.કોંકણીએ સફળતાપૂર્વક કેસ ચલાવી ધારદાર દલીલો કરી હતી.

## નવસારી જિલ્લામાં શ્રાવણના પ્રથમ દિવસે મેઘરાજાનો જળાભિષેક

**ગણદેવી,** બીલીમોરામાં પોણો ઈંચ વરસાદ, સોમનાથના મેળાના રંગમાં ભંગ

બીલીમોરાઃ બીલીમોરા, ગણદેવીમાં સોમવારે સાંજે ૪ કલાક દરમિયાન વીતેલા ૮ કલાક માં પોણો ઈંચ ૧૭ મિમી વરસાદ વરસ્યો હતો. શ્રાવણનાં પ્રથમ દિવસે જાણે મેઘરાજાએ જળાભિષેક કર્યો હતો. અંબિકા નદીની જળ સપાટી ૧૨.૯૨ ફૂટ અને કાવેરી ૮ ફૂટ વહેતી હતી. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શ્રાવણનાં પ્રથમ દિવસે ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં વરસાદ શરૂ થયો હતો. દિવસભર ઝરમર વરસાદે વરસ્યો હતો. પ્રથમ દિવસે સોમનાથનાં મેળામાં મહાલતા પર્યટકોને રંગમાં ભંગ પડ્યો હતો.




**નવસારીમાં મેઘમહેરનો સંકેતઃ ખેરગામમાં ૩ ઇંચ**

નવસારીઃ નવસારી જિલ્લામાં વરસાદના તાલુકાવાર આંકડાઓ પર નજર કરીએ તો વરસાદનું વિતરણ અસમાન જોવા મળે છે. છેલ્લા ૨૪ કલાકમાં ખેરગામમાં ૭૧ મિમી એટલે કે આશરે ૩ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે જલાલપોરમાં માત્ર ૬ મિમી વરસાદ પડ્યો છે. જમીનમાં ભેજ વધવાથી ચાલુ ખેતી કામગીરીને વેગ મળવાની સાથે પાકને પણ ફાયદો થઈ શકે છે. વાંસદામાં ૨૭ મિમી તથા ગણદેવી અને ચીખલીમાં ૨૧-૨૧ મિમી વરસાદે પણ ખેતીપ્રધાન વિસ્તારોને રાહત આપી છે. આગામી દિવસોમાં વરસાદની માત્રા કરતાં તેનું વિતરણ અને સતતતા વધુ મહત્ત્વની રહેશે. નવસારી કૃષિ યુનિવર્સિટીના આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩૦ અને લઘુત્તમ ૨૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

**વલસાડ નગરપાલિકા, વલસાડ**

**:: ૧૧ માસના ધોરણે હંગામી - કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત ::**

ના. સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાતના કાર્યાલય આદેશ ક્રમાંક-SBM/0108/07/2026 DATE: 04/08/2026 અંતર્ગત નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારિત-નિમણુંક સીટી મેનેજર-UWM-1 ની નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ માંગવામાં આવે છે. અરજી મોકલવાની અંતિમ તા.૨૦/૦૮/૨૦૨૬ની રહેશે. જેની નોંધ લેશો.

| અ.નં. | હોદ્દાનું નામ | શૈક્ષણીક લાયકાત | અનુભવ | પગાર ધોરણ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સીટી મેનેજર - (UWM) | B.E/B.Tech- Environment / Civil / Mechanical / Water Resource | ૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ) | રૂ.૩૦,૦૦૦/- (ફિક્સ માસિક) | ૦૧ |

નોંધ - કવર પર "સીટી મેનેજર -UWM ની પોસ્ટ માટે" એમ દર્શાવવું તથા નામ, સરનામું તથા મોબાઇલ નંબરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — પ્રમુખ, વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૩૧૪/૨૦૨૬

### કૃત્રિમ રંગવાળા ખાદ્યપદાર્થો સામે કડક કાર્યવાહીની માંગ

ખેરગામઃ અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં સ્ટ્રીટ ફૂડ, ફરસાણ, મીઠાઈ, પીણાં સહિતના ખાદ્યપદાર્થોમાં કૃત્રિમ તથા હાનિકારક રંગો અને કેમિકલ્સના ઉપયોગ સામે વિશેષ તપાસ હાથ ધરવા ખેરગામના યુથ લીડર અને ગોલ્ડ મેડલિસ્ટ જનરલ સર્જન ડો. નિરવ ભુલાભાઈ પટેલે સરકારને રજૂઆત કરી છે. ડો.નિરવ પટેલે કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, ખાદ્યપદાર્થોને આકર્ષક બનાવવા મંજૂરી વગરના કૃત્રિમ અથવા ઔદ્યોગિક રંગોનો ઉપયોગ લોકોના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. આદિવાસી વિસ્તારોમાં વિશેષ Food Safety Drive શરૂ કરવી જરૂરી છે. નિયમોનો ભંગ કરનાર સામે દંડ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ચીખલીમાં યુવતીનો ATM કાર્ડ બદલી 42 હજાર ઉપાડી લીધા

**પૈસા** નહીં નીકળતા મદદના બહાને ગઠિયાએ કળા કરી

ઘેજઃ ચીખલીના સોલધરા ખાતે રહેતી ચેલ્સીબેન પટેલ દોઢ મહિના પૂર્વે તા.૨૩-જૂનના રોજ નોકરી પરથી પરત આવતી વેળા સાંજના સમયે ચીખલી વિજયનગર સ્થિત એક્સીસ બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા જતાં પૈસા ન નીકળતા પાછળ ઊભેલા એક અજાણ્યા ઈસમે હું ટ્રાય કરી આપું તેમ કહી હાથ ચાલાકીથી એટીએમ કાર્ડ બદલી બેંક ખાતામાંથી અલગ અલગ રીતે ૪૨,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. બનાવ અંગેની ચેલ્સીબેન નિસર્ગભાઈ પટેલ (ઉં.વ.૨૫, રહે., સોલધરા દુધિયા ફળિયા)એ ફરીયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

**વિજયનગર શોપિંગ સેન્ટરનું એટીએમ ગઠિયાઓ માટે દૂઝણી ગાય**

ચીખલીના એસટી બસ ડેપો પાસે આવેલ વિજયનગર શોપીંગ સેન્ટરમાં આવેલા એટીએમ સેન્ટરમાં ગઠિયાઓએ અગાઉ પણ અનેક વખત પોતાની હાથ ચાલાકી લાખો રૂપિયા સેરવી લીધાના કિસ્સાઓ બનવા પામ્યા છે. ખાખી વર્દીના ખૌફ વગર ધોળા દિવસે પણ ગણતરીની મિનિટોમાં જ ગઠિયાઓ છેતરપિંડી આચરીને સરેઆમ પોલીસને હાથતાળી આપીને ફરાર થઈ જતાં પોલીસ પ્રશાસનની નિષ્ફળતાને કારણે હવે લોકોએ વધુ સતર્ક રહેવું પડશે.

## વિજલપોરમાં અદાવતમાં પરિવાર પર હુમલો

નવસારીઃ વિજલપોરની વનગંગા સોસાયટીમાં જૂની અદાવતને લઈને થયેલા વિવાદ બાદ પરિવાર પર હુમલો કરાયાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ તા. ૧૧ ઓગસ્ટે સંજયકુમાર બોરીયાના ઘર નજીક કિશન ડાંગી, રમેશ ડાંગી, ખુશી અને રમેશભાઈની પત્ની સહિત ચાર વ્યક્તિઓએ એકસંપ થઈ ઝઘડો કર્યો હતો. ફરિયાદમાં આરોપ છે કે આરોપીઓએ જાતિ વિષયક અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરી લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં સંજયકુમારની પત્ની મનિષાબેનને માથાના ભાગે ઈજા થઈ હોવાનું જણાવાયું છે. વિજલપોર પોલીસે ફરિયાદના આધારે BNS અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી ચારેય આરોપીઓની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

## બલવાડા હાઈવેથી દારૂ સાથે બે ઝડપાયા

ઘેજઃ ચીખલી પોલીસેના બલવાડા નેશનલ હાઈવે પરથી દારૂના જથ્થા સાથે બે ખેપિયાની ધરપકડ છે. બાતમીના આધારે પોલીસે બલવાડા નેશનલ હાઈવે ઉપર મુંબઈથી અમદાવાદ જતા રોડ ઉપર વોચ ગોઠવી મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર (નં.જીજે ૧૫ સિક્યુ ૭૫૧૭) આવતા ચેવી તલાસી લેતાં તેમાંથી દારૂની નાની-મોટી બોટલ નંગ-૯૨૪ કિ.રૂ.૨,૬૩,૭૬૦ મળી આવી હતી પોલીસે કાર સહિત રૂ.૭,૮૩,૭૬૦નો મુદ્દામાલ સાથે ચાલક અંકિત વિનોદભાઈ ધોડિયા પટેલ (ઉં.વ-૨૭) (રહે., જૂજવા, મિલ ફળિયા, તા.જિ.વલસાડ) તથા આનંદ રાજેશ નાયકા (ઉં.વ.૨૬, રહે., સોંધલવાડ, મંદિર ફળિયા, તા.પારડી, જિ.વલસાડ)ની ધરપકડ કરી હતી. દારૂનો જથ્થો ભરાવનાર સાજન ભરત પટેલ (રહે., સોંધલવાડ) તથા દારૂનો જથ્થો મંગાવનાર સુનિલ (રહે., સુરત) તેમજ સાજન પટેલને વોન્ટેડ જાહેર કર્યા છે.

**પશ્ચિમ રેલવે દ્વારા ગણપતિ સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ ચલાવવામાં આવશે**

| ટ્રેન નં. | પ્રસ્થાન (ક્યાંથી) | આગમન (ક્યાં સુધી) | દોડવાનો દિવસ | દોડવાની તારીખ |
|---|---|---|---|---|
| 09114 | વડોદરા | રત્નાગિરી | મંગળવાર | 08.09.2026<br>22.09.2026 |
| 09113 | રત્નાગિરી | વડોદરા | બુધવાર | 09.09.2026<br>23.09.2026 |
| 09110 | વિશ્વામિત્રી | રત્નાગિરી | બુધવાર | 09.09.2026 |
| 09109 | રત્નાગિરી | વિશ્વામિત્રી | ગુરુવાર | 10.09.2026 |
| 09124 | વિશ્વામિત્રી | રત્નાગિરી | સોમવાર | 07.09.2026 |
| 09123 | રત્નાગિરી | વિશ્વામિત્રી | સોમવાર | 07.09.2026 |
| 09022 | ઉધના | રત્નાગિરી | ગુરુવાર | 10.09.2026 |
| 09021 | રત્નાગિરી | ઉધના | ગુરુવાર | 10.09.2026 |
| 09030 | વલસાડ | રત્નાગિરી | સોમવાર | 07.09.2026 |
| 09029 | રત્નાગિરી | વલસાડ | મંગળવાર | 08.09.2026 |

ટ્રેનના સ્ટોપેજ, રોકાણનો સમય અને કોચ સંયોજન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો https://enquiry.indianrail.gov.in/mntes/ પર મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09114, 09110, 09124, 09022 અને 09030 ના વધારાના ફેરા માટેનું બુકિંગ 15.08.2026થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ટ્રેનો તરીકે સ્પેશિયલ ભાડા પર દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો

facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.